# ગુજરાત પોલીસ ભરતી બોર્ડ

**ગુજરાત રાજય પોલીસ દળમાં વર્ગ-૩ સંવર્ગની Wireless તથા Motor Transport પ્રભાગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની**

**જાહેરાત**

ગુજરાત રાજય પોલીસ દળમાં તકનિકિ સેવાઓ હેઠળની વાયરલેસ પ્રભાગ તથા મોટર ટ્રાન્સપોર્ટ પ્રભાગના વર્ગ-૩ સંવર્ગની નીચે મુજબની ખાલી જગ્યાઓ ભરતી નિયમો મુજબ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ફક્ત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવનાર છે.

(૧) વાયરલેસ વિભાગ: ( WIRELESS )

| અ.નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | GPRB/202526/2 | પોલીસ સબ ઇન્સ્પેકટર (વાયરલેસ) | ૧૭૨ |
| | | ટેકનિકલ ઓપરેટર | ૬૯૮ |
| | | કુલ: | ૮૭૦ |

**પોલીસ સબ ઇન્સ્પેકટર (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટરની શૈક્ષણિક લાયકાત:**

"Possess a Bachelor's degree in Engineering or Technology in Electronics and Communication / Electronics and Telecommunication / Electronics Engineering / Information Technology / Information and Communication Technology / Computer Engineering / Computer Science (minimum four years course) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognized by the Government or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956." રહેશે.

(૨) મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ ( MOTOR TRANSPORT )

| અ.નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | GPRB/202526/3 | પોલીસ સબ ઇન્સ્પેકટર (મોટર ટ્રાન્સપોર્ટ) | ૩૫ |
| ૨ | GPRB/202526/4 | હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક (ગ્રેડ-૧) | ૪૫ |
| | | કુલ: | ૮૦ |

(૨.૧) પોલીસ સબ ઇન્સ્પેકટર (મોટર ટ્રાન્સપોર્ટ)ની શૈક્ષણિક લાયકાત:

"Possess a bachelor's degree in Automobile Engineering or Mechanical Engineering of obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognized as such or to be declared as a deemed University under section 3 of the University Grants Commission Act, 1956;" રહેશે.

(૨.૨) હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક ગ્રેડ-૧ (મોટર ટ્રાન્સપોર્ટ)ની શૈક્ષણિક લાયકાત:

"Possess a Diploma in Automobiles Engineering or Mechanical Engineering obtained from the Technical Examination Board or any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institutions recognised as such or declared to be a deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956." રહેશે.

(૩) ઉપર જણાવેલ તમામ સંવર્ગની ખાલી જગ્યાઓની વિગત https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર ભરતી અંગેની મુકવામાં આવનાર સુચનાઓમાં દર્શાવવામાં આવશે, જે જોઇ લેવાની રહેશે.

(૪) ભરતી અંગે વિગતવારની તમામ સુચનાઓ (જાહેરાત) https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર તા.૦૯.૦૧.૨૦૨૬ નારોજ અપલોડ કરવામાં આવનાર છે. આ તમામ સુચનાઓ (જાહેરાત) કાળજીપુર્વક વાંચી નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૫) ઓનલાઇન અરજીઓ તા.૦૯.૦૧.૨૦૨૬ (બપોરના કલાક: ૧૪:૦૦) થી તા.૨૯.૦૧.૨૦૨૬ (રાત્રિના કલાક: ૨૩:૫૯) સુધી OJASની વેબસાઇટ https://ojas.gujarat.gov.in ઉપર સ્વીકારવામાં આવશે.

(૬) ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ કર્યા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે ભરતી બોર્ડ દ્વારા માંગવામાં આવે ત્યારે તે રજૂ કરવાની રહેશે.

(૭) ઉમેદવારોએ અરજી ફરજીયાત કન્ફર્મ (CONFIRM) કરવાની રહેશે.

(૮) ઉમેદવારોએ કોઇપણ સંજોગોમાં ટપાલથી કે રૂબરૂમાં અરજી પત્રક મોકલવાના રહેશે નહીં. તેમજ આવા અરજીપત્રકો સ્વીકારવામાં પણ આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૯) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ભરતી બોર્ડ / સરકારશ્રીને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને ભરતી બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૧૦) ઉપરોકત ભરતીને લગતી વખતો વખતની સૂચનાઓ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) ની વેબસાઇટ https://gprb.gujarat.gov.in ઉપર જોવાની રહેશે.

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૦૬.૦૧.૨૦૨૬

( નિરજા ગોટરૂ, IPS )

અધ્યક્ષ, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ અને,

પોલીસ મહાનિદેશક, ગાંધીનગર.

(માહિતી/૨૨૮૯/૨૦૨૫-૨૬)